# અગિયારમો પદવીદાન સમારંભમાં નાસ્તો અને ભોજનના ભાવ આપવા બાબત

નવસારી કૃષિ યુનિવર્સિટીનો અગિયારમો પદવીદાન સમારંભ તા. ૧૫/૦૧/૨૦૧૬ના રોજ નિર્ધારીત કરેલ છે. આ પદવીદાન સમારંભ દરમ્યાન આવનાર આશરે ૬૦૦ મહેમાનો માટે નાસ્તાની (ઉપમા –ચટણી અને ચા કોફી) તેમજ આશરે ૧૫૦૦ જેટલા મહેમાનો અને વિધાર્થીઓ માટે નીચે જણાવેલ મેનુ મુજબ જમવાનું બનાવવાનું રહેશે. તો નીચે જણાવેલ શરતોને આધિન તમારા ભાવ તા. ૫/૧/૨૦૧૬ (૫.૦૦) સાંજે પાંચ વાગ્યા સુધીમાં ટપાલ/કુરીયર/રૂબરૂમાં બંધ કવરમાં ડીન, અસ્પી એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને મોકલવાના રહેશે.

મેનુઃ

(૧) ગાજરનો હલવો (ગરમ) (૨) કેળામેથીના ભજીયા (૩) ઉંધીયુ (૪)મગ–ચણાનું સુકુ શાક (૫) પુરી (૬) દાળ (૭) ભાત (૮) છાશ (૯) કંચુબર (૧૦) પાપડ (૧૧) મુખવાસ (૧૨) મિનરલ વોટર

શરતોઃ

૧. પિરસવા માટેના વેઈટરની વ્યવસ્થા કરવાની રહેશે. (આશરે ૭૦ વેઈટર સ્વચ્છ અને ચોખ્ખા ડ્રેસ સાથે હોવા જોઈએ.)
૨. જમવા માટે વિધાર્થીઓ માટે ઓછામાં ઓછા ત્રણ, સ્ટાફ અને મહેમાનો માટે બે કાઉન્ટર બનાવવાના રહેશે.
૩. સમારંભના અંતે સાફસફાઈ કરી જમવાનું સ્થળ વ્યસ્થિત ચોખ્ખુ કરવાનું રહેશે.
૪. રસોઈ બનાવવા તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનો આપના રહેશે.
૫. નાસ્તો, જમવામાં તથા રસોઈ બનાવવામાં મીનરલ વોટરનો ઉપયોગ કરવાનો રહેશે.
૬. માલ સામાન લાવવા લઈ જવાની વ્યવસ્થા તથા નાસ્તો આપવાનો ટ્રાન્સપોર્ટ તમારે જાતે કરવાનો રહેશે.
૭. આયોજક જે સમય મર્યાદા આપે તેમાં નાસ્તો અને ભોજન તૈયાર રાખવાનું રહેશે.
૮. તમામ ભાવ ટેક્ષ અને ઉપરોકત શરતોને ધ્યાનમાં લઈ નીચે દર્શાવ્યા મુજબના ફોર્મમાં ભરવાના રહેશે.
૯. ટેન્ડર ફોર્મ સાથે રૂા.૫૦૦/–નો ડીમાન્ડ ડ્રાફ્ટ ACCOUNT OFFICER (CASH) નામનો આપવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ વિના ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

---

પ્રતિશ્રી,
ડીન,
અસ્પી એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

વિષયઃ નાસ્તા /બપોરના ભોજનના ભાવ આપવા બાબત...

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપના ટેન્ડરમાં જણાવ્યા મુજબ નાસ્તો અને ભોજનના અમારા ભાવ આપની શરતો મુજબ તેમજ તમામ ટેક્ષ સાથે નીચે મુજબ છે.

| વિગત (આપના મેનુ મુજબ) | પ્રતિ ડીશનો ભાવ (તમામ વેરા સાથે) |
|---|---|
| નાસ્તો/ ચા કોફી (આશરે ૬૦૦ વ્યકિત) | |
| બપોરનું ભોજન (આશરે ૧૫૦૦ વ્યકિત) | |

તારીખઃ

સહી

નામઃ
સરનામુઃ

ટેલીફોન નં../મોબાઈલ નં..